# ધોરણ 10
# ગુજરાતી (01) (પ્રથમ ભાષા)

### હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | પ્રશ્નપત્ર PART-A | પ્રશ્નપત્ર PART-B | કુલ ગુણ |
|---|---|---|---|
| જ્ઞાન (K) | 22 | 06 | 28 |
| સમજ (U) | 20 | 16 | 36 |
| ઉપયોજન (A) | 04 | 13 | 17 |
| કૌશલ્ય (S) | 04 | 15 | 19 |
| કુલ ગુણ | 50 | 50 | 100 |

### પ્રશ્નોના સ્વરૂપ પર ગુણભાર : પ્રશ્નપત્ર - PART - A માટે....

| પ્રશ્નોનું સ્વરૂપ | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ | અંદાજિત સમય |
|---|---|---|---|
| હેતુલક્ષી | 50 | 50 | 75 મિનિટ |

### પ્રશ્નોના સ્વરૂપ પર ગુણભાર : પ્રશ્નપત્ર - PART - B માટે....

| પ્રશ્નોનું સ્વરૂપ | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ | અંદાજિત સમય |
|---|---|---|---|
| નિબંધલક્ષી (EQ) | 04 | 23 | 60 મિનિટ |
| ટૂંકજવાબી (SQ) | 03 | 12 | 35 મિનિટ |
| અતિ ટૂંકજવાબી (VSQ) | 06 | 15 | 25 મિનિટ |
| | 13 | 50 | 120 મિનિટ |

### પ્રશ્નપત્રના કઠિનતા મૂલ્યની ફાળવણી :

| કઠિનતા | પ્રશ્નપત્રનો ગુણભાર | | કુલ |
|---|---|---|---|
| | PART-A | PART-B | |
| સરળ | 25 (50 ટકા) | 25 (50 ટકા) | 50 |
| મધ્યમ | 20 (40 ટકા) | 15 (30 ટકા) | 35 |
| કઠિન | 05 (10 ટકા) | 10 (20 ટકા) | 15 |
| કુલ | 50 (100 ટકા) | 50 (100 ટકા) | 100 |

# પ્રશ્નપત્રનું પરિરૂપ

સમય : 75 મિનિટ]

## ગુજરાતી 01 (પ્રથમ ભાષા)

[કુલ ગુણ : 50

### હેતુલક્ષી પ્રશ્નપત્ર PART – A નું પરિરૂપ

| પ્રશ્નક્રમ | પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| પ્રશ્ન 1 થી 15 | પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગના પાઠ નં. 14 થી 25 માંથી હેતુલક્ષી પ્રશ્નો પૂછવા. પ્રશ્ન નીચે (A), (B), (C), (D) રૂપે ઉત્તરના ચાર વિકલ્પ આપવા. (દરેક પ્રશ્નનો 01 ગુણ રહેશે.) | 15 |
| પ્રશ્ન 16 થી 30 | પાઠ્યપુસ્તકના કાવ્યવિભાગના પદ્ય નં. 1 થી 13 પર આધારિત હેતુલક્ષી પ્રશ્નો પૂછવા. પ્રશ્ન નીચે (A),(B),(C),(D) રૂપે ઉત્તરના ચાર વિકલ્પ આપવા. (દરેક પ્રશ્નનો 01 ગુણ રહેશે.) | 15 |
| પ્રશ્ન 31 થી 46 | અભ્યાસક્રમમાં સૂચવેલા વ્યાકરણ મુદ્દાઓ પર આધારિત હેતુલક્ષી પ્રશ્નો પૂછવા. પ્રશ્ન નીચે (A)/(B)/(C)/(D) રૂપે ઉત્તરના ચાર વિકલ્પ મૂકવા. (દરેક પ્રશ્નનો 01 ગુણ રહેશે.) | 16 |
| પ્રશ્ન 47-48 | આપેલો ગદ્યાંશ વાંચી પૂછેલા બે પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો. (દરેક પ્રશ્નનો 01 ગુણ રહેશે.) | 02 |
| પ્રશ્ન 49-50 | આપેલ કાવ્યાંશ વાંચી પૂછેલા બે પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો. (દરેક પ્રશ્નનો 01 ગુણ રહેશે.) | 02 |
| નોંધ : | 1. નીચેના વ્યાકરણ મુદ્દાઓમાંથી સૂચવેલ ગુણ મુજબ પ્રશ્નો પૂછવા.<br>2. જોડણીશુદ્ધિ, સંધિ છોડો, સંધિ જોડોના પ્રશ્ન PART-B માં ભાષા-શુદ્ધિના ફકરામાં પૂછવાના હોવાથી આ મુદ્દા હેતુલક્ષીમાં પૂછવા નહિ. | |

| વ્યાકરણ | ગુણ |
|---|---|
| 1. સમાસ | 01 |
| 2. શબ્દસમૂહ માટે એક શબ્દ | 01 |
| 3. અલંકાર ઓળખાવો. | 01 |
| 4. અલંકારનું ઉદાહરણ | 01 |
| 5. છંદ ઓળખાવો. | 01 |
| 6. છંદ ઉદાહરણ | 01 |
| 7. રૂઢિપ્રયોગનો અર્થ | 01 |
| 8. કહેવતનો અર્થ | 01 |
| 9. સમાનાર્થી | 01 |
| 10. તળપદા શબ્દોનાં શિષ્ટ રૂપ | 01 |
| 11. વિભક્તિ (વાક્યપ્રકાર) | 02 |
| 12. નિપાત | 01 |
| 13. કૃદંત (વાક્યપ્રકાર) | 01 |
| 14. પ્રેરક/ભાવેવાક્ય | 01 |
| 15. કર્તરિ/કર્મણિવાક્ય | 01 |

## પ્રશ્નપત્ર PART – B નું પરિરૂપ

સમય : 2 કલાક] **ગુજરાતી (પ્રથમ ભાષા)** [કુલ ગુણ : 50

### વિભાગ - અ

**(ગદ્ય વિભાગ)**

- દસ-બાર વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો. (બે પ્રશ્નો વિકલ્પે પૂછવા) **04**
- ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. (ગમે તે બે) (ત્રણ પ્રશ્નો વિકલ્પે પૂછવા) **04**

**(પદ્ય વિભાગ)**

- આઠ-દસ વાક્યમાં ઉત્તર લખો. (બે પ્રશ્નો વિકલ્પે પૂછવા) **03**
- ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. (ગમે તે બે) (ત્રણ પ્રશ્નો વિકલ્પે પૂછવા) **04**

### વિભાગ - બ

- ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. **05**
- પંક્તિઓનો આશરે 15 વાક્યોમાં અર્થવિસ્તાર કરો. **05**

### વિભાગ - ક

- પત્રલેખન **05**
- અહેવાલલેખન (આશરે એકસો શબ્દોમાં) **05**

### વિભાગ - ડ

- ગદ્યપરિચ્છેદ ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારીને ફરીથી લખો. **03**

**નોંધ :** (1) આ ગદ્ય-પરિચ્છેદનું વિષયવસ્તુ પાઠ્યપુસ્તકમાંથી જ પસંદ કરવું. વિષયવસ્તુ પાઠ્યપુસ્તકના જુદા-જુદા પાઠમાંથી પસંદ કરી શકાય.

(2) પરિચ્છેદમાં અનુગ, નામયોગી, જોડણી, અનુસ્વાર, વિરામચિહ્નો સુધારી શકાય તે બાબતો ધ્યાનમાં રાખી પાઠનો ફકરો પસંદ કરવો અને કુલ છ બાબતો પૂછવી.

- કૌંસમાં આપેલી સૂચના મુજબ રેખાંકિત ભાગમાં પરિવર્તન કરી
  કરી પરિચ્છેદ ફરીથી લખો. **04**

નોંધ : (1) પ્રાશ્નિકે આ ગદ્ય પરિચ્છેદનું વિષયવસ્તુ પાઠ્યપુસ્તકમાંથી જ પસંદ કરવું. વિષયવસ્તુ પાઠ્યપુસ્તકના જુદા જુદા પાઠમાંથી પસંદ કરી શકાય.

(2) આ પરિચ્છેદમાં સંધિ જોડો/સંધિ છોડો, રૂઢિપ્રયોગ, કહેવત, વિરોધી શબ્દ, સમાસ, શબ્દસમૂહ માટે એક શબ્દ તથા સંયોજક મૂકી શકાય તે બાબત ધ્યાનમાં રાખી પાઠનો ફકરો પસંદ કરવો અને ફકરામાં કોઈ પણ ચાર બાબતો પૂછવી.

- ગમે તે એક વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. (નિબંધના મુદ્દા આપવા) **08**

# નમૂનાનું પ્રશ્નપત્ર – 1

સમય : 75 મિનિટ]　　**ગુજરાતી (પ્રથમ ભાષા)**　　[કુલ ગુણ : 50

## PART – A

**સૂચનાઓ :** (1) નીચે આપેલા **1** થી **50** હેતુલક્ષી પ્રશ્નો ફરજિયાત છે.
(2) નીચે આપેલા **1** થી **50** હેતુલક્ષી પ્રશ્નોના ગુણ સરખા છે. દરેક પ્રશ્નનો એક ગુણ છે.
(3) આપને અલગથી આપેલ **OMR** પત્રકમાં જે-તે પ્રશ્ન નંબર સામે **(A)** ○ **(B)** ○ **(C)** ○ **(D)** ○ આપેલ છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પની પાસે દર્શાવેલ ○ (વર્તુળ)ને **OMR** પત્રકમાં પેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.

## ગદ્યવિભાગ

**1.** શૂલપાણેશ્વરના પ્રાચીન મંદિરનું મુખ કઈ દિશામાં ખૂલે છે ?

**(A)** પૂર્વ　　**(B)** પશ્ચિમ

**(C)** ઉત્તર　　**(D)** દક્ષિણ

**2.** ગુસ્સે થઈને મૃણાલે વિલાસનો કાન મરડી નાખ્યો, કારણ કે....

**(A)** વિલાસે પૃથિવીવલ્લભનાં વખાણ કર્યાં.

**(B)** વિલાસે પૃથિવીવલ્લભનાં રૂપનાં વખાણ કર્યાં.

**(C)** મૃણાલ વિલાસને બોધપાઠ આપવા માગતી હતી.

**(D)** મૃણાલ સૌને પ્રાયશ્ચિત્ત કરાવવા માગતી હતી.

**3.** ચકુ ઝાડ પર ઘા મારતા મજૂરને રોકે છે, કારણ કે....

**(A)** ઝાડ એમને રૂપિયા કમાવી આપે છે.　　**(B)** ઝાડ ચકુને ખૂબ વહાલું છે.

**(C)** એ ઝાડ નહોતું, પણ એના પપ્પા હતા.　　**(D)** ઝાડ ચકુને મીઠાં-મીઠાં ફળ આપે છે.

**4.** આક્કા રોજ સાંજે આઈને શું વાંચી સંભળાવે છે ?

**(A)** રામવિજય　　**(B)** કૃષ્ણચરિત

**(C)** ભાગવત્　　**(D)** ગીતા

**5.** 'એક વાર એક પ્રથા બદલવાનો તમે નિર્ણય લો છો, તો આવી સમસ્યાઓનો સામનો તો તમારે કરવો જ પડે.' આ વાક્ય કોણ બોલે છે ?

**(A)** શિવસુબ્રમણ્યા ઐયર　　**(B)** શિવસુબ્રમણ્યા ઐયરનાં પત્ની

**(C)** અહમદ જલાલુદ્દીન　　**(D)** ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ

**6.** લેખક પુરુરાજ જોષીનું ઉપનામ જણાવો.

**(A)** પુનર્વસુ　　**(B)** શેષ

**(C)** વાસુકિ　　**(D)** સારસ્વત્

7. મહુડો કઈ બે ઋતુઓની સાંકળ બની રહે છે ?

(A) વસંત અને ગ્રીષ્મ
(B) શિશિર અને વર્ષા
(C) પાનખર અને શરદ
(D) શરદ અને શિશિર

8. ટાઈમટેબલની પદ્ધતિ માનવજીવનને અનુકૂળ નથી, કારણ કે....

(A) માનવની પ્રકૃતિ ટાઈમટેબલમાં પૂરાઈ રહે એવી નથી.
(B) માનવ પોતે સ્વતંત્રતા ઝંખે છે.
(C) રેલવેનાં ટાઈમટેબલ વારંવાર બદલાયા કરે છે અને લોકોને તેની જાણ હોતી નથી.
(D) ટ્રેઈનો ભારતમાં વારંવાર મોડી પડે છે.

9. નર્મદની દૃષ્ટિએ મનુષ્ય બીજાં પ્રાણીઓ કરતાં કઈ બાબતમાં ચઢિયાતો છે ?

(A) તપોબળ
(B) જ્ઞાનબળ
(C) મનોબળ
(D) બાહુબળ

10. ગિલાના છકડાને લોકો શી રીતે ઓળખી જતા ?

(A) છકડા આગળ રૉકેટ ભરાવેલું હતું.
(B) છકડાની ચાલ અને રમરમાટી એકસરખી જોવા મળતી હતી.
(C) છકડો દેખાવમાં જ સુંદર હતો.
(D) છકડો સમયસર જે-તે જગ્યાએ જતો હતો.

11. સાપને 'ચક્ષુઃશ્રવા' કહે છે, કારણ કે....

(A) સાપને આંખો ન હોય તેથી તે કાનથી સાંભળે છે.
(B) સાપને કાન ન હોય તેથી તે આંખથી સાંભળે છે.
(C) સાપ આંખોથી જુએ છે ને કાનથી સાંભળે છે.
(D) સાપ કાનથી જુએ છે ને આંખોથી સાંભળે છે.

12. વાર્તાનાયકે વીશીના મહારાજને જક્ષણીનાં દર્શન કરવાની ના પાડી, કારણ કે...

(A) વાર્તાનાયક જૂઠું બોલ્યા હતા.
(B) વાર્તાનાયકની પોલ ખૂલી જાય તેમ હતી.
(C) જક્ષણી ગુસ્સાવાળાં હતાં.
(D) જક્ષણી શાપ આપે એવી વાર્તાનાયકને ભીતિ હતી.

13. ડૉ. અબ્દુલ કલામની આત્મકથા 'વીન્ગ્ઝ ઑફ ફાયર'નો 'અગનપંખ' અનુવાદ કોણે કર્યો છે ?

(A) હરેશ ધોળકિયા
(B) બકુલ ધોળકિયા
(C) અરુણ તિવારી
(D) સુધા મૂર્તિ

14. ગાંધીજીએ કોને 'સવાઈ ગુજરાતી' તરીકે નવાજ્યા હતા ?

(A) કિશોરલાલ મશરૂવાળાને
(B) કાકા કાલેલકરને
(C) મહાદેવભાઈ દેસાઈને
(D) મોરારજી દેસાઈને

15. 'સોનાનાં વૃક્ષો' પાઠનું સાહિત્ય સ્વરૂપ જણાવો.

(A) લલિત નિબંધ
(B) નવલિકા
(C) આત્મકથા-અંશ
(D) સ્મરણકથા

## પદ્યવિભાગ

**16.** ભૂતળ કઈ બાબતમાં બ્રહ્મલોકથી ચઢિયાતું છે ?

**(A)** શક્તિની બાબતમાં **(B)** ભક્તિની બાબતમાં

**(C)** આસક્તિની બાબતમાં **(D)** વિરક્તિની બાબતમાં

**17.** કવિ શામળે કાગળને કેવો કહ્યો છે ?

**(A)** સ્વાર્થી **(B)** પરમાર્થી

**(C)** ધંધાર્થી **(D)** સમાનાર્થી

**18.** મન પોતાને પાંગળું કેમ માને છે ?

**(A)** મન પાસે આંખ નથી તેથી કૃષ્ણનાં દર્શન કરી શકતું નથી.

**(B)** મન પાસે પાંખ નથી તેથી કૃષ્ણ પાસે જઈ શકતું નથી.

**(C)** લોચન પોતે મનને કૃષ્ણ પાસે જવા દેતાં નથી.

**(D)** મન પોતે જ નિર્બળ છે.

**19.** 'મન નો ડગે' પદ કોને સંબોધીને લખવામાં આવ્યું છે ?

**(A)** લોચનને **(B)** ગંગાસતીને

**(C)** ગુરુને **(D)** પાનબાઈને

**20.** હીરો છાણના મૂલે ક્યારે વેચાય છે ?

**(A)** મૂરખના હાથમાં પડતાં **(B)** બિનપારખુના હાથમાં પડતાં

**(C)** ઝવેરીના હાથમાં પડતાં **(D)** બજારમાં મંદી આવતાં

**21.** મસ્તકમાં ઉપડેલી વેદનાને ભૂલવા સહદેવે શું કર્યું ?

**(A)** સહદેવે દ્રૌપદીને સ્પર્શ કર્યો. **(B)** સહદેવે ઊંઘવાનો પ્રયત્ન કર્યો.

**(C)** સહદેવે માદક પીણું પીધું. **(D)** સહદેવે આંખે પાટો બાંધી દીધો.

**22.** નાયિકાને કોની મૂર્તિ અનેરી લાગે છે ?

**(A)** પુત્રની **(B)** પુત્રીની

**(C)** પરમાત્માની **(D)** પતિની

**23.** 'છે કો મારું અખિલ જગમાં ? બૂમ મેં એક પાડી:' પંક્તિ કયા કાવ્યની છે ?

**(A)** જૂનું પિયરઘર **(B)** પ્રશ્ન

**(C)** અતિજ્ઞાન **(D)** તીર્થોત્તમ

**24.** કવિશ્રી બાલમુકુંદ દવેની પ્રભુદર્શનની ઇચ્છા ક્યારે સંતોષાઈ ?

**(A)** માનાં ચરણસ્પર્શ કરીને

**(B)** તીર્થે-તીર્થે સ્નાન કરીને

(C) પયપાન કરાવતી માતૃવત્સલ આંખો જોઈને

(D) મંદિર પાસે ટળવળતાં દુઃખીજનોને જોઈને

25. કવિ 'અદીઠો સંગાથ' શબ્દો કોના માટે પ્રયોજે છે ?

(A) પત્ની માટે (B) ભક્તિ માટે

(C) પરમાત્મા માટે (D) અજ્ઞાન-અંધકારમાં ભટકતા માનવી માટે

26. 'આત્મા શાશ્વત છે, દેહ નહિ', એ સત્ય કયા કાવ્ય દ્વારા વ્યક્ત થયું છે ?

(A) ભક્તિ પદારથ (B) તીર્થોત્તમ

(C) તપાસીએ (D) અતિજ્ઞાન

27. ઝરમર નામનું ઘરેણું 'કુંજલડી'ની નાયિકા ક્યાં ધારણ કરશે ?

(A) હાથે (B) પગે

(C) કાને (D) ડોકમાં

28. ધીરા ભગતનાં પદ ક્યા નામે જાણીતાં છે ?

(A) સાફી (B) કાફી

(C) સૂફી (D) ભજન

29. 'કાન્ત' ઉપનામ કયા લેખકનું છે ?

(A) દયારામ પ્રભુદાસ ભટ્ટ (B) મણિશંકર રત્નજી ભટ્ટ

(C) બળવંતરાય કલ્યાણરાય ઠાકોર (D) ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી

30. 'ગુજરાતી સૉનેટના પિતા' તરીકે જાણીતા કવિનું ઉપનામ જણાવો.

(A) સેહ્‌ની (B) કાન્ત

(C) વાસુકિ (D) ઈર્શાદ

## વ્યાકરણ

31. જગતમાં પત્ની વિનાના <u>સધુર</u>ની સ્થિતિ બહુ વિચિત્ર છે. - રેખાંકિત સમાસનો પ્રકાર જણાવો.

(A) ઉપપદ (B) બહુવ્રીહિ

(C) મધ્યમપદલોપી (D) તત્પુરુષ

32. 'કરેલા ઉપકારને ભૂલી જનાર' શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(A) કૃતનિશ્ચયી (B) કૃતજ્ઞી

(C) કૃતઘ્ની (D) કૃતાર્થી

33. 'ધીમે ધીમે તે ડગ ધરતો - કોઈ મત્ત ગજેન્દ્રની માફક'. — વાક્યમાંનો અલંકાર જણાવો.

(A) ઉપમા (B) રૂપક

(C) ઉત્પ્રેક્ષા (D) સજીવારોપણ

34. 'રૂપક' અલંકારનું ઉદાહરણ દર્શાવો.

(A) શિશુ સમાન ગણી સહદેવને (B) વદન સુધાકરને રહુ નિહાળી.

(C) યામિની વ્યોમસર માંહે સરતી. (D) ને આ બુઢ્ઢો વડ પણ નકારે જ માથું હલાવી.

35. 'મને બોલાવે ઓ ગિરિવર તણાં મૌન શિખરો'. – આ પંક્તિનો છંદ જણાવો.

(A) મંદાક્રાન્તા (B) પૃથ્વી

(C) શિખરિણી (D) હરિગીત

36. નીચેની કાવ્યપંક્તિઓમાંથી 'શાર્દૂલવિક્રીડિત' છંદનું ઉદાહરણ દર્શાવો.

(A) ભૂરું છે નભ સ્વચ્છ સ્વચ્છ દીસતી એકે નથી વાદળી.

(B) ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય.

(C) ચિતોડ ! તવ મુક્તિ, પ્રેમ, બળ, ટેક ને ત્યાગની.

(D) સુખદુઃખ સદા ટકતાં નથી, એ નીતિ ઉર ઉતારવી.

37. 'જીભ ન ઊપડવી' રૂઢિપ્રયોગનો અર્થ છે...

(A) જીભને દુઃખાવો થવો (B) વાત કરતાં ખચકાટ અનુભવવો

(C) દુઃખ થવું (D) શરમનો અનુભવ થવો

38. 'પાણી પહેલાં પાળ બાંધવી' કહેવતનો અર્થ લખો.

(A) દીર્ઘદૃષ્ટિ વાપરવી (B) બંધ બાંધી દેવો

(C) ડૂબતો માણસ તરણું પકડે (D) ભવિષ્યવાણી કરવી

39. કયો શબ્દ સમાનાર્થીમાં નથી તે જણાવો.

(A) સૂર્ય (B) દિવાકર

(C) રવિ (D) સોમ

40. શિષ્ટ શબ્દ શોધીને જણાવો.

(A) હડફ (B) નથ

(C) ભો (D) ક્રમ

41. ક્રિયાનો જેમાં આધાર હોય તે કઈ વિભક્તિ ગણાય છે ?

(A) કરણ (B) સંપ્રદાન

(C) અપાદાન (D) સંબંધ

42. 'અમે બધાં ખૂબ હળીમળીને રહેતાં' – વાક્યમાં રેખાંકિત વિભક્તિ કયો પ્રકાર દર્શાવે છે ?

(A) કરણના અર્થમાં તૃતીયા વિભક્તિ (B) કર્તાના અર્થમાં પ્રથમા વિભક્તિ

(C) કર્મના અર્થમાં દ્વિતીયા વિભક્તિ (D) સંબંધના અર્થમાં ષષ્ઠી વિભક્તિ

43. નીચેનાં વાક્યોમાંથી કયું રેખાંકિત પદ 'નિપાત' છે તે જણાવો.

(A) રાંધું પણ હું. (B) કન્યા જરા નાની છે પણ રૂપાળી બહુ છે હોં !

(C) તેણે રાંધ્યું પણ ખાધું નહિ. (D) તે આવ્યો પણ બોલ્યો નહિ.

44. નીચેના રેખાંકિત પદનો કૃદંતપ્રકાર જણાવો.

ફાગણમાં વૃક્ષો પરથી સૂરજને ખરતો જોઉં છું.

(A) વર્તમાનકૃદંત (B) ભૂતકૃદંત

(C) ભવિષ્યકૃદંત (D) વિધ્યર્થકૃદંત

**45.** નીચેનામાંથી કયું વાક્ય પ્રેરકવાકય છે ?

**(A)** કર્ણે રથ હાજર કર્યો. **(B)** એણે સિક્કો પેટીમાં મૂકી દીધો.

**(C)** દાદા ટોપી ઉતારીને ખોળામાં મુકાવે છે. **(D)** અમે મહેમાનનો પરિચય કર્યો.

**46.** નીચેનામાંથી કર્તરિવાક્ય શોધીને દર્શાવો.

**(A)** રાજાએ ગરીબો માટે કેન્દ્રો ખોલ્યાં. **(B)** તમારાથી પૂર્વાદિત્યને કહેવાય ખરું ?

**(C)** મૃણાલવતીથી બહાર અટારીમાં અવાયું. **(D)** મારાથી એટલા દિવસ કમળા જોડે રહેવાશે ?

## ગદ્યાંશ/પદ્યાંશનું અર્થગ્રહણ

- નીચેનો ગદ્યાંશ વાંચી પૂછેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો.

સ્ત્રીઓને પોતાના કામકાજમાં વ્યવસ્થા રાખવાની ટેવ તથા સર્વ વ્યવહારમાં દૂરંદેશીપણું એ બે ગુણ ઘણા ઉપયોગી છે. તે ઉપરાંત કરકસરની ટેવ પણ અમૂલ્ય છે. એ સર્વ જેથી વધે તેવા શિક્ષણનો તેને ઘણો ઉપયોગ હોવા છતાં સ્ત્રીપુરુષ બન્નેના વ્યાપાર સાધારણ રીતે જ જુદા હોવાથી સ્ત્રીપુરુષનાં શિક્ષણ અમુક વય સુધી એક હોઈ શકે, પણ પછી તે જુદું પડવું જોઈએ. સુશિક્ષિત માતાઓ આ પ્રમાણે પેદા થાય છે. તેમ થવાથી દેશની ઉન્નતિનાં બીજ રોપાય છે. જે-જે દેશ પાયમાલ થયા છે તે-તે દેશમાં સ્ત્રીશિક્ષણ ઉપર લોકોએ ધ્યાન ન આપવાથી તેમ થયું છે, માટે સ્ત્રીની ઉન્નતિમાં જ સર્વની ઉન્નતિ છે એમ જાણી જેમ બને તેમ દેશમાં સ્ત્રી સમ્માનની વૃદ્ધિ થાય એવો પ્રયત્ન સર્વેએ કરવો જોઈએ.

**47.** ઉપરોક્ત ગદ્યખંડનું યોગ્ય શીર્ષક જણાવો.

**(A)** સ્ત્રીસમ્માન **(B)** સ્ત્રીઓના ગુણ

**(C)** સ્ત્રીશિક્ષણની મહત્તા **(D)** સ્ત્રી પ્રત્યેનું આપણું કર્તવ્ય

**48.** સ્ત્રીઓમાં શિક્ષણપ્રાપ્તિથી શું થાય છે ?

**(A)** લોકોમાં સ્ત્રી સમ્માનની ભાવના વધે છે. **(B)** સ્ત્રીપુરુષમાં સમાનતાની ભાવના વિકસે છે.

**(C)** સ્ત્રીઓમાં નીડરતા આવે છે. **(D)** દેશનો વિકાસ થાય છે.

- નીચેનો કાવ્યાંશ વાંચી તેની નીચે પૂછેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો.

હવે હાથ રહે ના હેમ !
મળ્યું સમયનું સોનું પરથમ વાપર્યું ફાવ્યું તેમ.
બહુદિન બેસી સિવડાવ્યા બસ કૈં નવરંગી ધાગા,
સાવ રેશમી ભાત-ભાતના, મહીં રૂપેરી વાઘા,
જેહ મળે તે દર્પણ જોવા વણલીધેલો નેમ;

**49.** સમયને શેની ઉપમા આપી છે ?

**(A)** સોનાની **(B)** રૂપાની

**(C)** ધાગાની **(D)** દર્પણની

**50.** કાવ્યમાં સોના માટે કયો શબ્દ વાપર્યો છે ?

**(A)** સમય **(B)** હેમ

**(C)** નેમ **(D)** રહેમ

# PART- B

સમય : 120 મિનિટ] [કુલ ગુણ : 50

સૂચનાઓ : (1) આ પ્રશ્નપત્રમાં **કુલ ચાર** વિભાગ છે.
(2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
(3) જમણી બાજુના આંકડા પ્રશ્નના કુલ ગુણ દર્શાવે છે.

## વિભાગ – A

- **નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો :** **[04]**

**(1)** 'છકડો' વાર્તાનો અંત તમારા શબ્દોમાં લખો.

**(અથવા)**

**(1)** મહુડાના વૃક્ષનું લેખકે કરેલું વર્ણન તમારા શબ્દોમાં લખો.

- **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :** **[04]**

**(2)** ટાઈમટેબલ બનાવવામાં લેખકનો કેટલો સમય ગયો ? શા માટે ?

**(3)** ડૉ. અબ્દુલ કલામને બાળપણમાં માતાપિતા તરફથી શો વારસો મળ્યો ?

**(અથવા)**

**(3)** આક્કાની ચોપડી પકડવાની રીત લેખકને શા માટે ગમતી નહોતી ?

- **નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો :** **[03]**

**(4)** 'અતિજ્ઞાન' શીર્ષકની યોગ્યતા ચર્ચો.

**(અથવા)**

**(4)** ધીરા ભગતે અજ્ઞાનીઓ પર કરેલા પ્રહાર ઉદાહરણ સાથે સમજાવો.

- **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં જવાબ લખો :** **[04]**

**(5)** બુદ્ધિએ મન અને લોચન વચ્ચે શું કહીને સમાધાન કરાવ્યું ?

**(6)** 'તીર્થોત્તમ'ના કાવ્યનાયકને પ્રભુદર્શન ક્યાં અને કેવી રીતે થયું ?

**(અથવા)**

**(6)** 'તપાસીએ' ગઝલમાં શ્રીકૃષ્ણના ભડભડ બળતા રથ દ્વારા કવિ શું કહેવા માંગે છે ?

## વિભાગ – B

- **નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી, તેને યોગ્ય શીર્ષક આપો.** **[05]**

**(7)** ''પુસ્તક માનવીને આનંદ આપનાર સૌથી શિષ્ટ સાધન છે. તેનો આનંદ અનેરો હોય છે. પુસ્તકની પ્રશસ્તિ કરીએ એટલી ઓછી. માણસને એની સાથે એવી મૈત્રી અને મહોબ્બત છે કે પુસ્તક સાથે તે હસે છે, રડે છે, ઉદાસ થઈ જાય છે, આનંદ પામે છે. પુસ્તકની હાજરીમાં પોતાની જાત સાથે વાતો કરવા લાગે છે અને પોતાની જાતને ક્યારેક તો માત્ર પુસ્તક પાસે જ ખુલ્લી કરે છે. પુસ્તક માનવીને માટે દિલોજાન દોસ્ત છે. પુસ્તક એક વિસ્મયકારક વસ્તુ છે. તેને ભૌતિક શરીર હોય છે અને તેને આત્મા પણ હોય છે. વિચારો, લાગણીઓ, ધબકારા, જ્ઞાન, માહિતી કંઈ કેટલુંય સંયોજિત થઈને તેમાંથી પુસ્તક બને છે. તેની સાથે તમે વાતો કરી શકો છો, સફર કરી શકો છો. પુસ્તક એક જાદુઈ દીવો છે. દીવાની પાસે એકલાં બેઠાં હોઈએ અને સાથે પુસ્તક હોય એના જેવો આનંદ દુનિયામાં એકે નથી.''

**– મોહમ્મદ માંકડ**

- **નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો :** **[05]**

**(8)** "હૈયે વડવાનલ જલે, તોયે સાગર ગાય,
હસી જાણે જગઝેર પી સંત તે કહેવાય."

**અથવા**

"છે ગરીબોના કૂબામાં તેલનું ટીપું દોહ્યલું,
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે."

## વિભાગ – C

- **(9)** 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત તમારી શાળામાં કઈ-કઈ પ્રવૃત્તિઓ યોજવામાં આવી તેની વિગતો દર્શાવતો પત્ર તમારા મિત્રને લખો. (પત્રમાં તમારું નામ, સરનામું કે સહીનો ઉલ્લેખ કરવો નહિ.) **[05]**

**(10)** 'સ્વર્ણિમ ગુજરાત' મહોત્સવની ઉજવણીનો જાહેર કાર્યક્રમ તમે નિહાળ્યો, તેનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. **[05]**

## વિભાગ – D

**(11) નીચેનો ગદ્યપરિચ્છેદ ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારીને લખો :** **[03]**

ડોહા એ હરખઘેલા થઈને કાનાના બાપાને થાપોટોય મારી દીધો અને એક જ મીનીટનો સીન એના મગજમાં તરબતર થઈ ગયો હોય એમ આંખો મીંચી ગયા. હવે એને બીજા સમાચારોની પડી નહોતી. એના મગજમાં છકડાની રમરમાટી ચાલી રહી. એના કાન છકડાનો અવાજ સાંભળવા બેઠા થઈ ગયા.

ત્યાં, સમાચાર વાંચનાર બોલ્યો :

અને છેલ્લે શહેરમાં બનેલા અપમૂરત્યુના બનાવોમાં, બેઠલા નાળે ગમખ્વાર અકસ્માત.... છકડા ચાલકનું કમકમાટીભર્યું મોત.

**(12) કૌંસમાં આપેલી સૂચના મુજબ રેખાંકિત ભાગમાં પરિવર્તન કરી પરિચ્છેદ ફરીથી લખો.** **[04]**

શૂલપાણિ ઈશ્વર (સંધિ કરો) મંદિરના પૂજારી ત્રિવેદીજી મૂળે મધ્યપ્રદેશના છે. ગાડરવાડા નજીક એક ગામના ઘરમાં હિન્દી બોલે છે, ગામલોકો જોડે ગુજરાતી. એમના દીકરા ક્યારેક હિન્દી બોલે છે. ક્યારેક ગુજરાતી બોલે છે. (સંયોજક વાપરી એક વાક્ય બનાવો) એમનાં બાળકો તો ગુજરાતી જ બોલે છે. બે-ત્રણ પેઢી પછી એમનું કુટુંબ પૂરેપૂરું ગુજરાતી ભાષા બોલતું. (શબ્દસમૂહ માટે એક શબ્દ લખો) થઈ જશે. પૂજારીજી નિયમિત મંદિરની ચારે તરફ પૂજ્યભાવે ફરે છે. (રૂઢિપ્રયોગ લખો.)

- **ગમે તે એક વિષય ઉપર મુદ્દાઓ પર આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો :** **[08]**

(i) **મોંઘવારીનું વિષચક્ર......**

મુદ્દાઓ - પ્રસ્તાવના - મોંઘવારી શું છે ? - આંકડાકીય વિગતો - આઝાદી પૂર્વે સોંઘવારી ને ભવ્ય ભૂતકાળ - આઝાદી પછી મોંઘવારી વધવાનાં કારણો - મોંઘવારીમાં મધ્યમવર્ગના માનવીની હાલાકી ને લાચારી - માનવજીવન પર થતી આ સમસ્યાની અસર - મોંઘવારી દૂર કરવામાં સરકાર સફળ કે નિષ્ફળ ? - ઉપાયો - ઉપસંહાર

**અથવા**

(ii) **વાત્સલ્યમૂર્તિ 'મા'**

મુદ્દાઓ - પ્રાસ્તાવિક - માતૃપ્રેમ - પૃથ્વી પરનું અમૃત - અમર પંક્તિઓનો ઉલ્લેખ - બાળજીવન ઘડતરમાં માતાનું સ્થાન - પશુપંખીઓમાં માતૃપ્રેમનાં દૃષ્ટાંત - માતાનું મૂલ્ય અમૂલ્ય - મા વિનાના જીવનની કલ્પના અસહ્ય - 'જનનીની જોડ સખી, નહિ જડે રે લોલ' - ઉપસંહાર

# BLUEPRINT – 1

| | હેતુઓ | જ્ઞાન | | | | સમજ | | | | ઉપયોજન | | | | કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પરિરૂપ મુજબ વિગત/પ્રશ્નો | MCQ | SQ | VSQ | EQ | MCQ | SQ | VSQ | EQ | MCQ | SQ | VSQ | EQ | MCQ | EQ | |
| 1 થી 15 | હેતુલક્ષી : ગદ્યપ્રશ્નો (14 થી 25 પાઠ) | 6(6) | | | | 5(5) | | | | 2(2) | | | | 2(2) | | 15(15) |
| 16 થી 30 | હેતુલક્ષી : પદ્યપ્રશ્નો (1 થી 13 કાવ્ય) | 5(5) | | | | 6(6) | | | | 2(2) | | | | 2(2) | | 15(15) |
| 31 થી 46 | વ્યાકરણ (પરિરૂપ પ્રમાણે મુદ્દા)ના હેતુલક્ષી પ્રશ્નો | 11(11) | | | | 5(5) | | | | | | | | | | 16(16) |
| 47 થી 50 | ગદ્યાંશ/પદ્યાંશ અર્થગ્રહણના હેતુલક્ષી પ્રશ્નો | | | | | 4(4) | | | | | | | | | | 4(4) |
| | **વિભાગ - અ** | | | | | | | | | | | | | | | |
| 1 | ગદ્યપ્રશ્ન – દસ-બાર વાક્યોમાં ઉત્તર | | 4(1) | | | | | | | | | | | | | 4(1) |
| 2 થી 3 | ગદ્યપ્રશ્ન – આઠ-દસ વાક્યોમાં ઉત્તર | | | 2(1) | | | | 2(1) | | | | | | | | 4(2) |
| 4 | પદ્યપ્રશ્ન – આઠ-દસ વાક્યોમાં ઉત્તર | | | | | | | | | | 3(1) | | | | | 3(1) |
| 5 થી 6 | પદ્યપ્રશ્ન – ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર | | | | | | | 2(1) | | | | 2(1) | | | | 4(2) |
| | **વિભાગ - બ** | | | | | | | | | | | | | | | |
| 7 | ગદ્યખંડ – ત્રીજા ભાગમાં સંક્ષેપલેખન | | | | | | | | | | | | | | 5(1) | 5(1) |
| 8 | પંક્તિઓનો અર્થવિસ્તાર | | | | | | | | 5(1) | | | | | | | 5(1) |
| | **વિભાગ - ક** | | | | | | | | | | | | | | | |
| 9 | પત્રલેખન | | | | | | | | | | | | | | 5(1) | 5(1) |
| 10 | અહેવાલલેખન | | | | | | | | | | | | | | 5(1) | 5(1) |
| | **વિભાગ-ડ** | | | | | | | | | | | | | | | |
| 11 | ભાષાશુદ્ધિની રીતે પરિચ્છેદ સુધારો | | | | | | | 3(1) | | | | | | | | 3(1) |
| 12 | પરિચ્છેદમાં સૂચના મુજબ રેખાંકિત ભાગમાં પરિવર્તન કરો. | | | | | | | 4(1) | | | | | | | | 4(1) |
| 13 | નિબંધલેખન | | | | | | | | | | | | 8(1) | | | 8(1) |
| | **પાર્ટ-A કુલ ગુણ** | **22(22)** | | | | **20(20)** | | | | **4(4)** | | | | **4(4)** | | **50(50)** |
| | **પાર્ટ-B કુલ ગુણ** | | **4(1)** | **2(1)** | | | | **11(4)** | **5(1)** | | **3(1)** | **2(1)** | **8(1)** | | **15(3)** | **50(13)** |

# નમૂનાનું પ્રશ્નપત્ર – 2

સમય : 75 મિનિટ] **ગુજરાતી (પ્રથમ ભાષા)** [કુલ ગુણ : 50

## PART- A

**સૂચનાઓ :** (1) નીચે આપેલા **1** થી **50** હેતુલક્ષી પ્રશ્નો ફરજિયાત છે.

(2) નીચે આપેલા **1** થી **50** હેતુલક્ષી પ્રશ્નોના ગુણ સરખા છે. દરેક પ્રશ્નનો એક ગુણ છે.

(3) આપને અલગથી આપેલ **OMR** પત્રકમાં જે તે પ્રશ્ન નંબર સામે **(A)** ○ **(B)** ○ **(C)** ○ **(D)** ○ આપેલ છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પની પાસે દર્શાવેલ ○ (વર્તુળ)ને **OMR** ઉત્તરપત્રકમાં પેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.

## ગદ્યવિભાગ

**1.** 'પૃથિવીવલ્લભ' પાઠનો સાહિત્યપ્રકાર દર્શાવો ?

**(A)** નવલકથા-ખંડ **(B)** નવલિકા

**(C)** એકાંકી **(D)** લોકવાર્તા

**2.** 'સોનાનાં વૃક્ષો' પાઠ કયા સંગ્રહમાંથી લેવાયો છે ?

**(A)** સરસ્વતીચંદ્ર ભાગ-**2** **(B)** જિજ્ઞાસુની ડાયરી

**(C)** અગનપંખ **(D)** કોઈ સાદ પાડે છે

**3.** 'ટાઈમટેબલ' પાઠના લેખકનું નામ જણાવો.

**(A)** જ્યોતીન્દ્ર દવે **(B)** કિશોરલાલ મશરૂવાળા

**(C)** લાભશંકર ઠાકર **(D)** અમૃતલાલ વેગડ

**4.** 'પ્રકૃતિ ખુદ એક કવિતા હૈ, ઈશ્વર કી કવિતા', વાક્ય કોણ બોલે છે ?

**(A)** સ્વામીજી **(B)** મણિબહેન

**(C)** વિવેકાનંદ **(D)** પુરુરાજ જોશી

**5.** કાકા કાલેલકરનું પૂરું નામ જણાવો.

**(A)** લાભશંકર જાદવજી ઠાકર **(B)** દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

**(C)** નર્મદાશંકર લાભશંકર દવે **(D)** જ્યોતીન્દ્ર હરિશંકર દવે

**6.** 'પાક્ષી લક્ષ્મણ શાસ્ત્રી' કઈ કૃતિનું પાત્ર છે ?

**(A)** એ.પી.જે. અબ્દુલ કલામનું ઘડતર **(B)** સ્ત્રી-કેળવણી

**(C)** આક્કા **(D)** વૃક્ષ

**7.** મનુષ્યની સ્વાર્થવૃત્તિનું આલેખન કઈ કૃતિમાં થયેલું છે ?

**(A)** ચક્ષુઃશ્રવા **(B)** સોનાનાં વૃક્ષ

**(C)** વૃક્ષ **(D)** પૃથિવીવલ્લભ

8. 'સારસ્વત' ઉપનામ કયા લેખકનું છે ?

(A) પુરુરાજ જોશી (B) લાભશંકર ઠાકર

(C) ચંદ્રકાન્ત બક્ષી (D) જ્યોતીન્દ્ર દવે

9. તમારા પાઠ્યપુસ્તકમાં જયંતી ગોહેલની કઈ કૃતિ છે ?

(A) ચક્ષુઃશ્રવા (B) સોનાનાં વૃક્ષ

(C) છકડો (D) પૃથિવીવલ્લભ

10. ઐયરની પત્નીએ અબ્દુલ કલામને પીરસવાની ના પાડી, કારણ કે....

(A) રસોઈ તૈયાર થઈ નહોતી ને તે રસોડામાં બેઠો હતો.

(B) તે મુસ્લિમ છોકરો હતો.

(C) તેઓ છળી મર્યાં.

(D) તેમના પતિએ તેમને પીરસવાની ના પાડી હતી.

11. લેખકને પત્નીની આંખમાંથી કયાં કિરણો નીકળતાં જણાય છે ?

(A) પ્રેમકિરણો (B) ક્ષ-કિરણો

(C) જ્ઞ-કિરણો (D) 'વી' કિરણો

12. ગામમાં પહેલુંવહેલું ટીવી કોને ત્યાં આવ્યું હતું ?

(A) કાનાભાઈ (B) જગાભાઈ સોની

(C) ખોડુભા (D) ભૂધરભાઈ સોની

13. 'આત્માની શાલભંજિકા' કઈ છે ?

(A) વર્ષા (B) કલ્પના

(C) નદી (D) લેખન

14. 'મહુડા' માટે કયો સંસ્કૃત શબ્દ છે ?

(A) મધુપુષ્પ (B) પુષ્પિતાગ્રા

(C) નીલગીરી (D) મધુરિકા

15. પ્રસન્ન દામ્પત્યભાવ હળવી શૈલીમાં કઈ કૃતિમાં વ્યક્ત થયો છે ?

(A) છકડો (B) ચક્ષુઃશ્રવા

(C) જક્ષણી (D) સોનાનાં વૃક્ષો

## પદ્યવિભાગ

16. હરિના જન શું માગતા નથી ?

(A) વારંવાર જન્મ (B) મુક્તિ

(C) દુઃખ (D) સુખ

17. કાગળ કોની પાસે પળવાર પણ રહી શકતો નથી ?

(A) માણસની (B) જળની

(C) પેનની (D) દુર્જનની

18. 'ઝઘડો લોચન-મનનો' કૃતિ કયા કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવી છે ?

(A) નરસિંહનાં પદ (B) દયારામ-સુધા

(C) સોરઠી સંતવાણી (D) પૂર્વાલાપ

19. પુષ્પની વાસના કોણ જાણતું નથી ?

(A) પત્ર (B) કાગળ

(C) સુગંધ (D) ડાળી

20. ઈન્દ્રપ્રસ્થ નગરીમાં દૂતને કોણ મોકલે છે ?

(A) દુ:શાસન (B) શકુનિ

(C) દુર્યોધન (D) દુર્વાસા

21. 'જૂનું પિયરઘર' કાવ્યનો પ્રકાર લખો.

(A) ખંડકાવ્ય (B) સૉનેટ

(C) પદ (D) કથાકાવ્ય

22. 'પ્રશ્ન' કાવ્ય કયા કાવ્યસંગ્રહમાંથી લીધું છે ?

(A) પરિક્રમા (B) નિશીથ

(C) ગંગોત્રી (D) ભણકાર

23. વાસ્તવિક જીવનની સૂક્ષ્મ સચ્ચાઈ કઈ કાવ્યકૃતિમાં રજૂ થઈ છે ?

(A) તપાસીએ (B) અદીઠો સંગાથ

(C) મન નો ડગે (D) અતિજ્ઞાન

24. નીચેનામાંથી કઈ કાવ્યપંક્તિ મૂળ કાવ્યની છે ?

(A) છે કો મારું અખિલ જગમાં ? (B) અખિલ જગમાં મારું કોઈ છે ?

(C) છે કોઈ મારું અખિલ જગમાં ? (D) અખિલ જગમાં મારું કોઈ કયાં છે ?

25. 'મન નો ડગે' કાવ્ય કઈ શૈલીમાં રચાયું છે ?

(A) હળવી (B) તળપદી

(C) વકતૃત્વ (D) ડોલન

26. કવિ કોને માથે મોતનો ભય જુએ છે ?

(A) ઊંઘતાને માથે (B) જાગતાને માથે

(C) રમતાને માથે (D) રખડતાને માથે

27. કવિ ચિનુભાઈ મોદીનું ઉપનામ લખો.

(A) શેષ (B) ઈર્શાદ

(C) ધૂમકેતુ (D) સુંદરમ્

28. નાયિકાનો સંદેશ કુંજલડી ક્યાં લખાવે છે ?

(A) દરિયામાં તરતો મૂકીને (B) પાંખ ઉપર લખીને

(C) પગમાં ભરાવીને (D) કાગળ પર લખીને

29. 'જૂનું પિયરઘર' કાવ્યમાં કયો ભાવ વ્યક્ત થાય છે ?

(A) વાત્સલ્ય (B) ભક્તિ

(C) દામ્પત્ય (D) વિરહ

30. નીચેનામાંથી કાવ્ય અને તેના કવિનું કયું જોડકું સાચું છે ?

(A) અતિજ્ઞાન - મણિશંકર ભટ્ટ (B) પ્રશ્ન - ઈર્શાદ

(C) તીર્થોત્તમ - મકરંદ દવે (D) અદીઠો સંગાથ - બાલમુકુંદ દવે

## વ્યાકરણ વિભાગ

31. અલંકાર ઓળખાવો : 'નટવર નિરખ્યા નેન'

(A) યમક (B) રૂપક

(C) ઉત્પ્રેક્ષા (D) વર્ણસગાઈ

32. 'ઉત્પ્રેક્ષા' અલંકારનું ઉદાહરણ શોધીને લખો.

(A) જીવનવાડી કરમાઈ ગઈ. (B) હૈયું જાણે હિમાલય.

(C) દમયંતીનું મુખ ચંદ્ર જેવું છે. (D) તેનું રુદન સાંભળીને દવાખાનની દીવાલો ધ્રૂજી ઊઠી.

33. નીચે આપેલી કાવ્યપંક્તિના છંદનું નામ જણાવો.

'દીપકના બે દીકરા, કાજળ ને અજવાશ'

(A) શિખરિણી (B) ચોપાઈ

(C) હરિગીત (D) દોહરો

34. અનુષ્ટુપ છંદની પંક્તિ શોધીને લખો.

(A) પાને-પાને પોઢી રાત

(B) ઈન્દ્રપ્રસ્થજનો આજે વિચાર કરતા હતા.

(C) ભમ્યો તીર્થે-તીર્થે ધરી ઉર મનીષા દરશની

(D) જ્યાં-જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની.

35. 'બે પાંદડે થવું' – રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) આર્થિક સ્થિતિ સારી થવી (B) પાંદડાં બે થવાં

(C) એકના બે થઈ જવું (D) બેમત ના હોવો

36. કહેવતનો અર્થ લખો. – 'મોરનાં ઈંડાં ચીતરવાં ન પડે.'

(A) મોર સુંદર હોય તેથી....

(B) હોશિયાર માતાપિતાનાં સંતાનમાં કંઈ કહેવાપણું ન હોય.

(C) ઈંડાં સુંદર ચીતરેલાં જ હોય.

(D) મોરનું ઈંડું ચીતરેલું જ હોય.

37. કયું સમાનાર્થી જોડકું ખોટું છે ?

(A) એશ - આરામ
(B) વલોપાત - આક્રંદ
(C) મેરામણ - મૃત્યુ
(D) ઈલકાબ - ઉપનામ

38. રેખાંકિત પદ કઈ વિભક્તિ દર્શાવે છે તે લખો :

દાદા કેસરી સિંઘ સવારમાં વહેલા ફરવા નીકળે.

(A) ષષ્ઠિ
(B) સપ્તમી
(C) દ્વિતીયા
(D) પંચમી

39. નીચે આપેલાં સાદા વાક્યોને યોગ્ય સંયોજક વાપરી વાક્યરૂપે ફરી દર્શાવો :

મને મનમાં ઠસી ગયેલું. પૈસા નક્કી ઝાડ પર પાકતા હશે.

(A) મને મનમાં ઠસી ગયેલું કે પૈસા નક્કી ઝાડ પર પાકતા હશે.
(B) મને મનમાં ઠસી ગયેલું એટલે જ પૈસા નક્કી ઝાડ પર પાકતા હશે.
(C) મને મનમાં ઠસી ગયેલું અને પૈસા નક્કી ઝાડ પર પાકતા હશે.
(D) પૈસા નક્કી ઝાડ પર પાકતા હશે તેથી મનમાં ઠસી ગયેલું.

40. 'દીકરાની પૌત્રી' શબ્દસમૂહ માટે એક શબ્દ જણાવો.

(A) દૌહિત્રી
(B) પ્રપૌત્રી
(C) પુત્રપૌત્રી
(D) સુતા

41. રેખાંકિત કૃદન્તનો પ્રકાર જણાવો.

સાંભળનાર કોઈ હતું જ નહિને ?

(A) ભૂત કૃદંત
(B) વર્તમાન કૃદંત
(C) ભવિષ્ય કૃદંત
(D) સંબંધક કૃદંત

42. 'મધુ હાલરડું ગાય છે', પ્રેરકવાક્ય શોધીને લખો.

(A) મધુ હાલરડું ગવડાવે છે.
(B) મધુથી હાલરડું ગવાય છે.
(C) મધુએ હાલરડું ગાયું.
(D) મધુ હાલરડું ગાતી હતી.

43. કોશા દાદાને પ્રશ્ન પૂછે છે કર્મણિવાક્ય રચના બનાવો :

(A) કોશાથી દાદાને પ્રશ્ન પૂછાય છે.
(B) કોશાના દાદાથી પ્રશ્ન પૂછાયો.
(C) કોશા દાદાને પ્રશ્ન પૂછાવે છે.
(D) કોશા દાદાને પ્રશ્ન પુછાવડાવે છે.

44. વાક્યમાં છૂટા પાડવાનો ભાવ કઈ વિભક્તિના વાક્યમાં જોવા મળે છે ?

(A) સંપ્રદાન
(B) અપાદાન
(C) અધિકરણ
(D) કરણ

45. 'વનશ્રી' સમાસનો પ્રકાર –

(A) કર્મધારય
(B) દ્વિગુ
(C) ઉપપદ
(D) તત્પુરુષ

46. તમે પૂર્વાદિત્યને કહ્યું ખરું ? - નિપાત શોધો.

(A) તમે
(B) કહ્યું
(C) ને
(D) ખરું

## ગદ્યાંશ-પદ્યાંશનું અર્થગ્રહણ

• નીચેનો કાવ્યાંશ વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ આપો.

મને જો પૃથ્વીની હકૂમત મળે એક ક્ષણ તો,
પહેલાં તો કાઢું વટહુકમ કે આ જ ક્ષણથી,
પ્રજા મારી પંખી, મનુજ, પશુ ને કીટગણો,
બધાંને જીવ્યાનો જ હક, હણવાનો હક નથી.

47. કવિ શો વટહુકમ કાઢવા માગે છે ?

(A) બધાંને હણવાનો હક છે.
(B) માત્ર મનુષ્યને જ જીવવાનો હક છે.
(C) બધાંને જીવવાનો હક છે.
(D) માત્ર પશુપંખીને જ જીવવાનો હક છે.

48. ‘મનુષ્ય’ માટે......શબ્દપ્રયોગ કર્યો છે ?

(A) કીટગણો
(B) મનુજ
(C) પ્રજા
(D) પૃથ્વી

• નીચેનો ગદ્યાંશ વાંચીને આપેલા પ્રશ્નોના જવાબ આપો.

વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય પોતાના મગજને સ્વતંત્ર રાખવાનું છે. પરિપૂર્ણ સ્વતંત્રતાનો સૌથી વધુ અધિકાર વિદ્યાર્થીનો છે. શ્રદ્ધા વિના વિદ્યા સંભવિત નથી. જ્ઞાનનો આરંભ શ્રદ્ધાથી થાય છે, પરંતુ પરિસમાપ્તિ સ્વચિંતનથી થાય છે. વિદ્યાર્થીનું બીજું કર્તવ્ય જાત પર કાબૂ રાખવાનું છે. જો વિદ્યાર્થી સત્ય-સંકલ્પ કરતો થઈ જાય તો વિશ્વની કોઈ પણ તાકાત તેને અટકાવી શકે નહીં. ત્રીજું કર્તવ્ય સેવાભાવનાનું છે. સેવા જ્ઞાન નથી. મહાભારતના યક્ષપર્વમાં ‘વૃદ્ધોની સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.’ તે પ્રકારની કથા છે. વિદ્યાર્થીનું ચોથું કર્તવ્ય સાવધાન રહેવું તે છે. દુનિયાની તમામ બાબતોનું તટસ્થ બુદ્ધિથી અવલોકન કરવું જોઈએ. બુદ્ધિ સંકુચિત ન જોઈએ અને દિલ તથા દિમાગ વિશાળ કરવાં જોઈએ.

49. વિદ્યાર્થીનાં ચાર કર્તવ્યોમાં શાનો સમાવેશ થતો નથી ?

(A) સ્વનિયંત્રણ
(B) સાવચેતી
(C) સેવાભાવના
(D) સ્વચિંતન

50. ગદ્યખંડમાં કયા વિષય વિશે વાત કરવામાં આવી છે ?

(A) સાચો વિદ્યાર્થી
(B) વિદ્યાર્થીનાં અપેક્ષિત કર્તવ્ય
(C) કર્તવ્યપરાયણ વિદ્યાર્થી
(D) વિદ્યાર્થીમાં વિશાળ દૃષ્ટિકોણની જરૂરિયાત

# PART- B

સમય : 120 મિનિટ] [કુલ ગુણ : 50

**સૂચનાઓ :** (1) આ પ્રશ્નપત્રમાં **કુલ ચાર** વિભાગ છે.
(2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
(3) જમણી બાજુના આંકડા પ્રશ્નના કુલ ગુણ દર્શાવે છે.

## વિભાગ – A

- **નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો :** **[04]**

1. ચક્ષુઃશ્રવા શીર્ષકની યથાર્થતા ચર્ચો.

**અથવા**

1. વીશીના મહારાજનું પાત્રાલેખન કરો.

- **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :** **[04]**

2. મહુડાના ઉપયોગ જણાવો.
3. ગામના લોકો કલામના પિતા પાસે શા માટે જતા હતા ?

**અથવા**

3. મંદિર જોઈને મણિબા શું કહે છે ?

- **નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો :** **[03]**

4. 'અતિજ્ઞાન' કાવ્યના આધારે સહદેવના ચિત્તમાં ચાલી રહેલું મંથન તમારા શબ્દોમાં લખો.

**અથવા**

4. 'રક્ષક જ ભક્ષક બને' એ ચોપાઈમાં શામળે આપેલાં દૃષ્ટાંતો વર્ણવો.

- **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં જવાબ લખો :** **[04]**

5. 'મન નો ડગે' કાવ્યને આધારે સાચા સંતનાં ચાર લક્ષણો જણાવો.
6. સાચો ભક્ત મુક્તિ શા માટે માગતો નથી ?

**અથવા**

6. લોચન મનને શો ખુલાસો આપે છે ?

## વિભાગ – B

- **નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **[05]**

7. "વિકલાંગ માણસ જગતને ભારરૂપ છે એવી લાગણી અર્થહીન છે. જોવા જઈએ તો ભારરૂપ અસંખ્ય માણસો જડશે, જે કેવળ પરોપજીવી જ નહિ, સમાજદ્રોહી પણ હોય છે. અપંગ વ્યક્તિમાં નિષ્ઠા અને સંકલ્પશક્તિ હોય અને તેને યોગ્ય દોરવણી મળે તો સતત પુરુષાર્થ વડે તે સમાજની ઉત્તમ સેવા કરી શકે. અપંગની સેવા દ્વારા આપણા ઘણા સામાજિક ગુણો વિકસે છે. માનવતાની, સામાજિક જીવનની આ કેળવણી તત્ત્વતઃ ધાર્મિક કેળવણી છે. આના સંસ્કાર ધાર્મિક ગ્રંથિઓ અને અન્ય પૂર્વગ્રહોને ઓગાળે છે. માનવતાના અભ્યાસથી આપણે વધારે સારા દેશજન થઈ શકીશું. વધારે સારા હિંદુ કે મુસલમાન થઈ શકીશું. બલકે, વિશ્વમાનવ કે પરમ પિતાનાં સાચાં સંતાન થઈ શકીશું. જે બીજાનાં દુઃખો જોતો નથી, જે બીજાની આરત સાંભળતો નથી, જે સંકટગ્રસ્તોની મદદે દોડી જતો નથી, તે જ અપંગ છે."

**– વિષ્ણુપ્રસાદ ત્રિવેદી**

- **નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો :** **[05]**

**8.** ગમે ના શૈશવે ખેલ, યૌવને ના પરાક્રમ,
સાધુતા નહિ વાર્ધક્યે, વ્યર્થ તો જિંદગી ક્રમ.

**અથવા**

ચહું થાવા હુંયે મધુર ખીલતું પુષ્પ નવલું;
પરંતુ ના ઇચ્છા જીવન જીવવા તાડ તરુનું.

## વિભાગ – C

- **9.** ટી.વી. જોવાથી તમારી નાની બહેનના અભ્યાસ પર માઠી અસર થઈ છે, તેને સલાહ આપતો પત્ર લખો. (પત્રમાં તમારું નામ, સરનામું કે સહીનો ઉલ્લેખ કરવો નહિ.) **[05]**

**10.** તમારા વિસ્તારમાં યોજાયેલ રક્તદાન-શિબિરનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. **[05]**

## વિભાગ – D

**11. નીચેનો ગદ્યાંશ ભાષાશુદ્ધિની રીતે સુધારીને ફરીથી લખો :** **[03]**

જગતમાં પત્ની વિનાના સધુરની સ્થિતિ બહુ વિચિત્ર છે. એટલી બધી વિચિત્ર કે તેને માટે શબ્દ પણ જડતો નથી સ્ત્રી પરણી ન હોય કુમારિકા ધણી જીવતો હોય તો સૌભાગ્યવતી ધણી પ્રવાસે ગયો હોત તો પ્રોષીતભર્તૂકા, મરી ગયો હોય તો વિધવા

**12. કૌંસમાં આપેલી સૂચના મુજબ રેખાંકિત ભાગમાં પરિવર્તન કરી પરિચ્છેદ ફરીથી લખો.** **[04]**

સંસ્કૃતિ પ્રકૃતિની પાછળ ભલે ના રહે, પણ એ પ્રકૃતિને ભૂલીને ચાલવા જશે તો તદ્દન અવળે રસ્તે ચડી જવા જેવું થશે. (રૂઢિપ્રયોગ વાપરો.) સંસ્કૃતિ તો હંમેશાં પ્રકૃતિની ગોદમાં જ પાંગરી છે. વૃક્ષો આની સાક્ષી પૂરશે. શાસ્ત્રો આની સાક્ષી પૂરશે. (સંયોજક મૂકી વાક્ય બનાવો.) હું પ્રકૃતિ ભણી પાછા વળવામાં જીવનનો નવોન્મેષ (સંધિ છોડો) જોઉં છું. પ્રકૃતિપ્રેમ કેળવવાના સંસ્કાર મને છેક બાળપણથી મળેલા છે. (શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.)

**13. ગમે તે એક વિષય ઉપર મુદ્દાઓ પર આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો :** **[08]**

**(i) મારા શૈશવનાં સ્મરણો**

(મુદ્દા : પ્રસ્તાવના - બાળપણની ટેવો - બાલમંદિર અને પ્રાથમિકના સંસ્મરણો - માધ્યમિકના પગથિયે - ઘડતર - રજાઓનાં સંસ્મરણો - ઉપસંહાર)

**અથવા**

**(ii) સમાજમાં કન્યાકેળવણીનું મહત્ત્વ**

(મુદ્દા : પ્રસ્તાવના - કન્યાકેળવણી દ્વારા સમાજની સુધારણા - વર્તમાનયુગમાં સ્ત્રીની ભૂમિકા - નારી ! કુટુંબના કેન્દ્રસ્થાને - પુરુષસમોવડી - ગૌરવ - ઉપસંહાર)

# BLUEPRINT – 2

| | હેતુઓ | જ્ઞાન | | | | સમજ | | | | ઉપયોજન | | | | કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પરિરૂપ મુજબ વિગત/પ્રશ્નો | MCQ | SQ | VSQ | EQ | MCQ | SQ | VSQ | EQ | MCQ | SQ | VSQ | EQ | MCQ | EQ | |
| 1 થી 15 | હેતુલક્ષી : ગદ્યપ્રશ્નો (14 થી 25 પાઠ) | 5(5) | | | | 6(6) | | | | 2(2) | | | | 2(2) | | 15(15) |
| 16 થી 30 | હેતુલક્ષી : પદ્યપ્રશ્નો (1 થી 13 કાવ્ય) | 6(6) | | | | 5(5) | | | | 2(2) | | | | 2(2) | | 15(15) |
| 31 થી 46 | વ્યાકરણ (પરિરૂપ પ્રમાણે મુદ્દા)ના હેતુલક્ષી પ્રશ્નો | 11(11) | | | | 5(5) | | | | | | | | | | 16(16) |
| 47 થી 50 | ગદ્યાંશ/પદ્યાંશ અર્થગ્રહણના હેતુલક્ષી પ્રશ્નો | | | | | 4(4) | | | | | | | | | | 4(4) |
| | **વિભાગ-અ** | | | | | | | | | | | | | | | |
| 1 | ગદ્યપ્રશ્ન – દસ-બાર વાક્યોમાં ઉત્તર | | | | | | 4(1) | | | | | | | | | 4(1) |
| 2 થી 3 | ગદ્યપ્રશ્ન – આઠ-દસ વાક્યોમાં ઉત્તર | | 4(2) | | | | | | | | | | | | | 4(2) |
| 4 | પદ્યપ્રશ્ન – આઠ-દસ વાક્યોમાં ઉત્તર | | | | | | | | | | 3(1) | | | | | 3(1) |
| 5 થી 6 | પદ્યપ્રશ્ન – ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર | | 2(1) | | | | | | | | 2(1) | | | | | 4(2) |
| | **વિભાગ-બ** | | | | | | | | | | | | | | | |
| 7 | ગદ્યખંડ – ત્રીજા ભાગમાં સંક્ષેપલેખન | | | | | | | | 5(1) | | | | | | | 5(1) |
| 8 | પંક્તિઓનો અર્થવિસ્તાર | | | | | | | | | | | | | | 5(1) | 5(1) |
| | **વિભાગ-ક** | | | | | | | | | | | | | | | |
| 9 | પત્રલેખન | | | | | | | | | | | | | | 5(1) | 5(1) |
| 10 | અહેવાલલેખન | | | | | | | | | | | | | | 5(1) | 5(1) |
| | **વિભાગ-ડ** | | | | | | | | | | | | | | | |
| 11 | ભાષાશુદ્ધિની રીતે પરિચ્છેદ સુધારો | | | | | | | 3(1) | | | | | | | | 3(1) |
| 12 | પરિચ્છેદમાં સૂચના મુજબ રેખાંકિત ભાગમાં પરિવર્તન કરો. | | | | | | | 4(1) | | | | | | | | 4(1) |
| 13 | નિબંધલેખન | | | | | | | | | | | | 8(1) | | | 8(1) |
| | **પાર્ટ-A કુલ ગુણ** | **22(22)** | | | | **20(20)** | | | | **4(4)** | | | | **4(4)** | | **50(50)** |
| | **પાર્ટ-B કુલ ગુણ** | | **6(3)** | | | | **4(1)** | **7(2)** | **5(1)** | | **5(2)** | | **8(1)** | | **15(3)** | **50(13)** |

# નમૂનાનું પ્રશ્નપત્ર – 3

સમય : 75 મિનિટ] **ગુજરાતી (પ્રથમ ભાષા)** [કુલ ગુણ : 50

## PART- A

**સૂચનાઓ :** (1) નીચે આપેલા **1** થી **50** હેતુલક્ષી પ્રશ્નો ફરજિયાત છે.

(2) નીચે આપેલા **1** થી **50** હેતુલક્ષી પ્રશ્નોના ગુણ સરખા છે. દરેકનો એક ગુણ છે.

(3) આપને અલગથી આપેલ **OMR** પત્રકમાં જે તે પ્રશ્ન નંબર સામે **(A)** ○ **(B)** ○ **(C)** ○ **(D)** ○ આપેલ છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પની પાસે દર્શાવેલ ○ (વર્તુળ)ને પેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.

## ગદ્યવિભાગ

**1.** 'સર્વજ્ઞાબાઈને' કોનાં નાટકો પર પ્રકાશ પાડવાનું વાર્તાનાયકે કહ્યું હતું ?

**(A)** નર્મદનાં નાટકો **(B)** જ્યોતીન્દ્ર દવેનાં નાટકો

**(C)** પ્રેમાનંદના નાટકો **(D)** રામનારાયણ પાઠકનાં નાટકો

**2.** દાદા કેસરી સિંઘનો પૌત્ર શો વ્યવસાય કરતો હતો ?

**(A)** ડૉક્ટર **(B)** શિક્ષક

**(C)** વેપાર **(D)** રેડિયો ઍન્જિનિયર

**3.** ડોસાની આંખો ક્યારે ફાટી જાય છે ?

**(A)** ગિલો ટીવીમાં દેખાવાનો છે, એ સાંભળીને.

**(B)** ગિલાના કમકમાટીભર્યા મોતના સમાચાર સાંભળીને.

**(C)** કાનાએ ચણાવેલું ચૂનાબંધ પાકું મકાન જોઈને.

**(D)** ગિલાની કમાણી સાંભળીને.

**4.** બીજાં પ્રાણીઓ કરતાં મનુષ્ય કઈ બાબતોમાં ચઢિયાતો છે ?

**(A)** જ્ઞાનબળની બાબતમાં **(B)** બુદ્ધિની બાબતમાં

**(C)** શારીરિક તાકાતની બાબતમાં **(D)** ચેતનાની બાબતમાં

**5.** 'ટાઇમ-ટેબલ' પાઠને આધારે 'સ્થિતપ્રજ્ઞ' કોને કહેવાય ?

**(A)** બુદ્ધિને સ્થિર રાખનાર

**(B)** પરિસ્થિતિને અનુસરનાર

**(C)** દરેક બાબતમાં જે પોતાની બુદ્ધિને સ્થિર રાખે તે વ્યક્તિ

**(D)** પરિસ્થિતિનો સામનો કરનાર

**6.** લેખક મણિલાલ પટેલ સોનાનું વૃક્ષ કોને કહે છે ?

**(A)** કેસૂડાના વૃક્ષને **(B)** શીમળાના વૃક્ષને

**(C)** સેવનના વૃક્ષને **(D)** મહુડાના વૃક્ષને

7. શીમળાનાં ફૂલો શેની આગાહી કરે છે ?

(A) શિયાળાની (B) ઉનાળાની

(C) વસંતની (D) પાનખરની

8. સ્વામીજી કોને મહાન કવિતા કહે છે ?

(A) પ્રકૃતિને (B) કવિના શબ્દોને

(C) પંખીઓના કલરવને (D) હવાની સરસરાહટને

9. જલાલુદ્દીન કલામને શું કહીને બોલાવતા ?

(A) એ.પી.જે. (B) અબ્દુલ

(C) આઝાદ (D) કલામ

10. આક્કા પાઠમાં ટાઈફૉઇડ માટે કયો શબ્દ વપરાયો છે ?

(A) નૌજર (B) નજવર

(C) નવર (D) નવજવર

11. 'ટાઈમટેબલ' પાઠના લેખકનું નામ જણાવો.

(A) નર્મદ (B) જ્યોતીન્દ્ર દવે

(C) કાકા કાલેલકર (D) જયંતી ગોહેલ

12. 'લાભશંકર જાદવજી ઠાકર'નું તખલ્લુસ જણાવો.

(A) પુનર્વસુ (B) વાસુકિ

(C) ધૂમકેતુ (D) સ્નેહરશ્મિ

13. નહાવા ગયેલા ચંપક પર વરસાદની શી અસર થાય છે ?

(A) મૃત્યુ પામે છે. (B) બીમાર થઈ જાય છે.

(C) વૃક્ષ બની જાય છે. (D) માનસિક અસર થઈ જાય છે.

14. મુંજને જોઈ વિલાસ શું બોલી ઊઠી ?

(A) શું તેની મર્દાનગી છે ! (B) વાહ ! શું પુરુષ છે !

(C) વાહ ! કેવો સુંદર પુરુષ છે ! (D) કેવો અદ્ભુત પુરુષ છે !

15. શૂલપાણેશ્વર ક્યાં આવેલું છે ?

(A) મધ્યપ્રદેશ (B) ગુજરાત

(C) ઉત્તરપ્રદેશ (D) રાજસ્થાન

## પદ્યવિભાગ

16. મુક્તિ કોની દાસી છે ?

(A) ભગવાનની (B) નરસિંહ મહેતાની

(C) શ્રીકૃષ્ણની (D) ભગવાનના ભક્તની

17. 'ઝઘડો લોચન-મનનો' કાવ્યનો સાહિત્યપ્રકાર જણાવો.

(A) ભજન (B) ગરબી

(C) ગઝલ (D) પદ

18. ગંગાસતી નિત્ય શું કરવાની સલાહ આપે છે ?

(A) ભક્તિ કરવાની (B) મન અડગ રાખવાની

(C) આનંદમાં રહેવાની (D) સત્સંગ કરવાની

19. 'અતિજ્ઞાન' ખંડકાવ્ય કયા કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવ્યું છે ?

(A) ભણકાર (B) સ્મરણસંહિતા

(C) પૂર્વાલાપ (D) ગંગોત્રી

20. 'જાગ, જગન, તપ, જપ ને તીરથ, તેમાં સહુથી મોટો સત્સંગ' – પંક્તિ કયા કાવ્યની છે ?

(A) દુહા-મુક્તક (B) અદીઠો સંગાથ

(C) હીરાની પરીક્ષા (D) મન નો ડગે

21. કવિ ચિનુ મોદી માનવીના મૃત્યુને કોની સાથે સરખાવે છે ?

(A) હવામાં ગાયબ થતા સિક્કા સાથે (B) કૃષ્ણના બળતા રથ સાથે

(C) કોટના ગઢ સાથે (D) વધેલા નખ સાથે

22. શરમ ત્યજી હૃદય કવિને ના પાડે છે ત્યારે કવિ હૃદય માટે કયા શબ્દનો ઉપયોગ કરે છે ?

(A) સ્વાર્થી (B) સ્નેહાળ

(C) કઠોર (D) દંભી

23. 'તીર્થોત્તમ' કાવ્ય દ્વારા કયો ભાવ વ્યક્ત થયો છે ?

(A) દામ્પત્યનો (B) માતૃવાત્સલ્યનો

(C) ધાર્મિક વૃત્તિનો (D) પિતૃવાત્સલ્યનો

24. કવિ 'અદીઠો સંગાથ' શબ્દો કોના માટે પ્રયોજે છે ?

(A) પરમાત્મા (B) જીવન

(C) મનુષ્ય (D) જગત

25. 'તપાસીએ' કાવ્યમાં કવિ કઈ બાબત તરફ આપણું ધ્યાન દોરે છે ?

(A) વ્યક્તિના સ્વભાવ (B) વાસ્તવિક જીવનની મૂળભૂત સચ્ચાઈ

(C) પરમાત્માની લીલા (D) પ્રાકૃતિક તત્ત્વો

26. પંખીડાં કોના વિના સૂનાં છે ?

(A) કુંજલડી (B) માળા

(C) પ્રીતમરૂપી સાગર (D) રામલક્ષ્મણ

27. 'કરીએ સંપ કુટુંબમાં, શત્રુથી શું થાય ?
ઝાડ ટકે છે ઝૂંડમાં, એકલ ઊડી જાય.'

આ દુહામાં ઝાડના દૃષ્ટાંત દ્વારા શાનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે ?

(A) શત્રુ (B) કુટુંબ
(C) સંપ (D) ઝાડ

28. ધૂપસળી દ્વારા કયો બોધ મળે છે ?

(A) સ્વાર્થ (B) સહનશીલતા
(C) ઉદારતા (D) પરોપકાર

29. નીચેનામાંથી કાવ્ય અને પ્રકારનું કયું જોડકું સાચું નથી ?

(A) કુંજલડી રે - લોકગીત (B) હીરાની પરીક્ષા - કાફી
(C) ભક્તિ પદારથ - પદ (D) અદીઠો સંગાથ - ગઝલ

30. ઉમાશંકર જોશીના'નિશીથ' સંગ્રહને કર્યો ઍવૉર્ડ પ્રાપ્ત થયો હતો ?

(A) સાહિત્ય અકાદમી (B) કુમારચંદ્રક
(C) ભારતીય જ્ઞાનપીઠ (D) રણજિતરામ સુવર્ણચંદ્રક

## વ્યાકરણ વિભાગ

31. ચંદન ડાળે સાપ વીંટળાય છે. — રેખાંકિત સમાસનો પ્રકાર લખો.

(A) કર્મધારય (B) ઉપપદ સમાસ
(C) તત્પુરુષ (D) દ્વન્દ્વ સમાસ

32. વર-કન્યા પરણવા બેસે તે મંડપ-

(A) માંડવો (B) મંડપ
(C) ચોળી (D) ચૉરી

33. 'મહુડા માયા ઉતારતા યોગી જેવા લાગે છે'. — અલંકારનો પ્રકાર જણાવો.

(A) ઉપમા (B) ઉત્પ્રેક્ષા
(C) રૂપક (D) વ્યાજસ્તુતિ

34. નીચેનામાંથી કયું ઉદાહરણ વ્યાજસ્તુતિ અલંકારનું છે.

(A) તપેલી તપેલી છે.
(B) ગાંધીજી એટલે ગાંધીજી
(C) શું તમારી બહાદુરી ! ઉંદર જોઈને નાઠા !
(D) ઝૂકી ઝાડના ઝૂંડની ઝાઝી ઝાડી.

35. 'ના મારે તુજ ભેટ બક્ષિસ ન વા તારી કૃપા જોઈએ'. - છંદનો પ્રકાર જણાવો.

(A) પૃથ્વી (B) મનહર
(C) મંદાક્રાંતા (D) શાર્દૂલવિક્રીડિત

36. નીચેનામાંથી કયું ઉદાહરણ 'પૃથ્વી છંદ'નું છે.

(A) કદી મારી પાસે વનવન તણાં હોત કુસુમો.
(B) ભમો ભરતખંડમાં સકળ ભોમ ખૂંદી વળો.

(C) કાળી ધોળી રાતી ગાય પીએ પાણી ચરવા જાય.

(D) તુજ પાંખ ચળકે પર્ણનાં ઝુંડો મહીં ચક્રો રચી.

37. 'કપાળે પરસેવો વળવો' રૂઢિપ્રયોગનો અર્થ દર્શાવો.

(A) હાથ મસ્તક પર હોવા (B) કસરત કરવી

(C) મહેરબાની કે કૃપા હોવી (D) ખૂબ મહેનત કરવી

38. 'ઉતાવળે આંબા ન પાકે' કહેવતનો અર્થ દર્શાવો.

(A) ઉતાવળથી સારું કામ થાય નહિ.

(B) આંબાના પાક ઉપર ઉતાવળ કરવાથી ફળ મેળવી શકાતું નથી.

(C) યોગ્ય સમયે યોગ્ય કામ કરવું.

(D) ધીરજનાં ફળ મીઠાં

39. 'રૂઢિ' શબ્દનો સાચો પર્યાય લખો.

(A) ચુસ્ત (B) મક્કમ

(C) જડ (D) પરંપરા

40. 'દાબડો' શબ્દનું શિષ્ટ રૂપ લખો.

(A) દાબણિયું (B) ડબ્બો

(C) પૈસા (D) ધાબરો

41. 'વડોદરાથી ગાડી ઉપડી' – રેખાંકિત પદની વિભક્તિ દર્શાવો.

(A) અપાદાન (B) કરણ

(C) સંપ્રદાન (D) કર્તા

42. સ્ત્રીઓને હું દૂરથી પૂજું છું – રેખાંકિત પદની વિભક્તિ દર્શાવો.

(A) કરણ વિભક્તિ (B) કર્મ વિભક્તિ

(C) સંબંધ વિભક્તિ (D) અધિકરણ વિભક્તિ

43. 'દુજ્યા કરે છે કેટલાયે ઘા રહી રહી'. – આ વાક્યનો નિપાત દર્શાવો.

(A) છે (B) કરે

(C) કેટલા (D) યે

44. 'માણસો માખીઓની જેમ મરતાં હતાં'. – આ વાક્યના કૃદંતનો પ્રકાર લખો.

(A) હેત્વર્થ (B) વર્તમાન

(C) સંબંધક (D) ભવિષ્ય

45. 'મેં પાઠ વાંચ્યો' – આ વાક્યનું પ્રેરકવાક્ય લખો.

(A) શિક્ષકે મારી પાસે પાઠ વંચાવ્યો. (B) મેં શિક્ષકને પાઠ વંચાવ્યો.

(C) મારાથી પાઠ વંચાવાયો. (D) મારા વડે પાઠ વંચાયો.

46. ‘મારાથી પત્ર લખાય છે’. - આ વાક્યનું કર્તરિવાક્ય લખો.

(A) મારા વડે પત્ર લખાય છે. (B) મેં પત્ર લખ્યો.

(C) હું પત્ર લખું છું. (D) મેં પત્ર લખાવ્યો.

## ગદ્યાંશ/પદ્યાંશ-અર્થગ્રહણ

- કાવ્યાંશ વાંચીને તેની નીચે પૂછેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો.

આ ગુજરાતને જન્મ મળ્યો છે;
ગોદ ન એની ભૂલું !
આ ગુજરાતને મરમ મળ્યો છે;
ભારત ગગને ઝૂલું.
આ ગુજરાતે
અલખ નિરંજન ગિરનારે મેં સૂંઘ્યો
દિલાવરીનો છોડ.

47. ‘જ્ઞાન મળ્યું છે’ એમ કહેવા કવિએ કયો શબ્દ વાપર્યો છે ?

(A) ધરમ મળ્યો (B) જનમ મળ્યો

(C) મરમ મળ્યો (D) ગિરનાર મળ્યો

48. ગુજરાતના લોકોના કયા સદ્‌ગુણને કવિ બિરદાવે છે ?

(A) ગંભીરતા (B) સાહસિકતા

(C) પ્રામાણિકતા (D) ઉદારતા

- ગદ્યાંશ વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો.

પ્રાચીન તપોવનો વિવિધ આશ્રમોથી ભરપૂર હતાં. કેટલાક આશ્રમોમાં એક ઋષિ બેત્રણ શિષ્યોને અધ્યયન કરાવતા. વળી, સાંદીપનિ ઋષિના આશ્રમ જેવા બીજા કેટલાક આશ્રમોમાં એક પ્રસિદ્ધ વિદ્યાગુરુની આસપાસ અનેક વિદ્યાર્થી એકઠા થતા. આ બંને પ્રકારોમાં ગૃહનું જ વાતાવરણ પ્રવર્તતું હતું. આ શિક્ષણકાળ દરમિયાન વિદ્યાર્થીઓ ગુરુના ઘરમાં વસતા, કાષ્ઠસંચય કરતા, ઢોર ચરાવતા, ભિક્ષા માંગતા, ગુરુની અંગત સેવા અને ગૃહકાર્ય કરતા અને એમના ચરણે બેસીને વિનય અને પૂજ્યભાવપૂર્વક જ્ઞાનગ્રહણ કરતા. આ ગુરુઓને એમના શિક્ષણકાર્યમાં ‘વડા વિદ્યાર્થીઓ’ મદદ કરતા. વિદ્યાભ્યાસ સમાપ્ત કર્યા પછી વિદ્યાર્થીઓ ગુરુને ભેટ આપતા અને પોતાના ગામ કે શહેરમાં પાછા ફરતા. શિક્ષણના સમાપ્તિકાળે વિદ્યાર્થી દેશમાં પર્યટન કરતો અને ગુરુ પાસે પ્રાપ્ત કરેલી વિદ્યા અનુભવની કસોટીએ ચડાવતો, માનસિક દૃષ્ટિ વિશાળ કરી ગૃહસ્થજીવનનો આરંભ કરતો.

49. ગદ્યખંડનું યોગ્ય શીર્ષક જણાવો.

(A) વિદ્યાર્થી અને ગુરુ (B) વિદ્યાર્થીનાં કાર્યો

(C) સાચો વિદ્યાર્થી (D) પ્રાચીનકાળનું વિદ્યાર્થીજીવન

50. વિદ્યાર્થી ગૃહસ્થજીવનનો આરંભ ક્યારે કરતો ?

(A) વિદ્યા પૂર્ણ કર્યા પછી

(B) ગુરુને ભેટ આપ્યા પછી

(C) પોતાના ગામ કે શહેરમાં પાછા ફર્યા બાદ

(D) ગુરુ પાસેથી મેળવેલ વિદ્યા દ્વારા માનસિક વિકાસ કર્યા બાદ

# PART- B

**સમય : 120 મિનિટ]** **[કુલ ગુણ : 50**

**સૂચનાઓ :** (1) આ પ્રશ્નપત્રમાં **કુલ ચાર** વિભાગ છે.
(2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
(3) જમણી બાજુના આંકડા પ્રશ્નના કુલ ગુણ દર્શાવે છે.

## વિભાગ – A

- **નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો :** **[04]**

**1.** મુંજનું પાત્રાલેખન કરો.

**અથવા**

**1.** સ્ત્રીકેળવણી વિરુદ્ધની દલીલોને નર્મદ શો રદિયો આપે છે ?

- **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :** **[04]**

**2.** આક્કા ઘરમાં સૌની માનીતી શા માટે બની ?

**3.** સ્ત્રીના વિવિધ દરજ્જા 'જક્ષણી' પાઠને આધારે જણાવો.

**અથવા**

**3.** 'વર્લ્ડ મૅગેઝિન' વિશે મિસ દારૂવાલાએ દાદાને શી માહિતી આપી ?

- **નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો :** **[03]**

**4.** 'કુંજલડી રે' લોકગીતમાં વ્યક્ત થયેલા નાયિકાના મનોભાવો તમારા શબ્દોમાં લખો.

**અથવા**

**4.** 'અદીઠો સંગાથ' શીર્ષક સમજાવો.

- **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં જવાબ લખો :** **[04]**

**5.** પ્રકૃતિનાં તત્ત્વોએ કવિના પ્રશ્નનો શો ઉત્તર વાળ્યો ?

**6.** સંપનો મહિમા કયાં દૃષ્ટાંતોથી સમજાવ્યો છે ?

**અથવા**

**6.** 'જૂનું પિયરઘર' કાવ્યમાં નાયિકાનાં કયાં સ્મરણો તાજાં થાય છે ?

## વિભાગ – B

- નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી, તેને યોગ્ય શીર્ષક આપો. **[05]**

**7.** માનવને વધારે સંસ્કારી, વધારે સુંદર, વધારે શક્તિશાળી બનવા માટે ધર્મ છે. એટલે જ્યાં ધર્મ પાળતા માનવને અન્યાય થયો હોય ત્યાં ધર્મને સાધનરૂપ માની પુનર્યોજના કરવી ઘટે. સઘળા ધર્મો માનવધર્મ શીખવા માટે છે. માનવ પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન કરાવે, જુદાઈ શીખવાડે, માનવને હલકો ગણતાં શીખવાડે એ સઘળી વાતો ધર્મની ન હોઈ શકે. મનુષ્ય ધર્મ પાળે છે, તે પોતાની જાત ઊંચી ઠરાવવા માટે નહિ. ખરેખર ઊંચી બનાવવા માટે અને ઉત્કૃષ્ટ મનોદશા પ્રાપ્ત કરવા માટે એનો જે ધ્યેયમંત્ર હોઈ શકે તો તે આટલો જ હોય; હું માનવ છું : માનવધર્મ સમજું છું અને માનવ માટે જીવવું છે, કારણ સઘળા ધર્મો મહાન છે, પણ માનવધર્મ એથી વધારે મહાન છે.

**– ધૂમકેતુ**

- **નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યમાં અર્થવિસ્તાર કરો :** **[05]**

8. વિદ્યા પુસ્તકમાં અને પર કબજામાં ધન,
ભીડ પડે કામ ના'વે એ વિદ્યા ને ધન.

**અથવા**

પૈસા ને વળી પદવીનો, વિશેષ શો વિશ્વાસ;
રાવણ કેરી સિદ્ધિ પણ, પળમાં પામી નાશ.

## વિભાગ – C

- 9. તમારી શાળા દ્વારા યોજવામાં આવેલા દક્ષિણ ભારતના પ્રવાસમાં જોડાવા માટે મંજૂરી માગતો પત્ર તમારા પિતાજીને લખો. **[05]**

10. તમારા વિસ્તારમાં ભારે વરસાદના કારણે થયેલ નુકસાનનું વર્ણન કરતો અહેવાલ એકસો શબ્દોમાં લખો. **[05]**

## વિભાગ – D

11. **નીચેનો ગદ્યાંશ ભાષાશુદ્ધિની રીતે સુધારીને ફરીથી લખો :** **[03]**

ઈન્દિરા : તમને આ શું થઈ ગયું છે કેમ કંઈ બોલતા નથી ? કેમ આમ રિસાઈ ગયા છો ? તમે કંઈક તો બોલો. આપણાં કેવાં કેવાં સપના હતા ચકુડીને ભણાવી ગણાવીને મોટી કરીશું એને સારે ઘેર પરણાવીશું. થોડા પૈસા ભેગા થશે એટલે આ ઘરને થોડું મોટું કરીશું. તમે તો મને નોધારી છોડીને આમ સાવ સુનમુન સાધુ જ્યાં બની ગયા સાચું કહું છું હોં !

12. **કૌંસમાં આપેલી સૂચના મુજબ રેખાંકિત ભાગમાં પરિવર્તન કરી પરિચ્છેદ ફરીથી લખો.** **[04]**

અનુકૂળતા (વિરોધી શબ્દ મૂકો) હંમેશા આત્મચિંતન માટે વિશાળ તકો પૂરી પાડતી નથી. જ્યારે જ્યારે મનુષ્યો પોતાને એકલા કે વિખૂટા અનુભવે છે. ત્યારે – સહજ પ્રતિ આઘાત (સંધિ જોડો) રૂપે તેઓ કોઈ સાથને શોધવાનો પ્રયત્ન કરે છે; જ્યારે તેઓ મુશ્કેલીમાં મુકાય છે ત્યારે કોઈ પોતાને સહાય કરે તેવી વ્યક્તિની શોધ કરે છે; જ્યારે કોઈ ઉકેલી ન શકાય તેવી સમસ્યા (શબ્દસમૂહ માટે એક શબ્દ લખો) ની પરિસ્થિતિમાં મુકાય છે, ત્યારે તેઓ કોઈ માર્ગદર્શકની શોધમાં રહે છે. દુઃખમાં ફસાયેલ વ્યક્તિ મારી પાસે આવે છે. હું તેને અવશ્ય મદદ કરું છું. (સંયોજક વાપરી એક વાક્ય બનાવો.)

13. **ગમે તે એક વિષય ઉપર મુદ્દાઓ પર આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો :** **[08]**

**(i) વસંત : વનમાં અને જનમાં**

મુદ્દા - પ્રસ્તાવના - વસંતની મોહકતા - સર્વવ્યાપી - વસંતનો પ્રભાવ - વાતાવરણ - વસંતઋતુ અને તહેવારો - વસંતની માનવજીવન પર અસર - કવિઓની પ્રિય ઋતુ - ઉપસંહાર

**અથવા**

**(ii) પ્રવાસનું જીવનઘડતરમાં સ્થાન**

મુદ્દા - પ્રસ્તાવના - પ્રવાસના વિવિધ ફાયદા - પ્રત્યક્ષ જ્ઞાનસૌંદર્ય દૃષ્ટિનો વિકાસ - સામૂહિક જીવનનો અનુભવ - સાહસિકવૃત્તિનો વિકાસ - ઉપસંહાર

# BLUEPRINT – 3

| | હેતુઓ | જ્ઞાન | | | | સમજ | | | | ઉપયોજન | | | | કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પરિરૂપ મુજબ વિગત/પ્રશ્નો | MCQ | SQ | VSQ | EQ | MCQ | SQ | VSQ | EQ | MCQ | SQ | VSQ | EQ | MCQ | EQ | |
| 1 થી 15 | હેતુલક્ષી : ગદ્યપ્રશ્નો (14 થી 25 પાઠ) | 4(4) | | | | 7(7) | | | | 2(2) | | | | 2(2) | | 15(15) |
| 16 થી 30 | હેતુલક્ષી : પદ્યપ્રશ્નો (1 થી 13 કાવ્ય) | 7(7) | | | | 4(4) | | | | 2(2) | | | | 2(2) | | 15(15) |
| 31 થી 46 | વ્યાકરણ (પરિરૂપ પ્રમાણે મુદ્દા)ના હેતુલક્ષી પ્રશ્નો | 11(11) | | | | 5(5) | | | | | | | | | | 16(16) |
| 47 થી 50 | ગદ્યાંશ/પદ્યાંશ અર્થગ્રહણના હેતુલક્ષી પ્રશ્નો | | | | | 4(4) | | | | | | | | | | 4(4) |
| | **વિભાગ-અ** | | | | | | | | | | | | | | | |
| 1 | ગદ્યપ્રશ્ન – દસ-બાર વાક્યોમાં ઉત્તર | | | | | | 4(1) | | | | | | | | | 4(1) |
| 2 થી 3 | ગદ્યપ્રશ્ન – આઠ-દસ વાક્યોમાં ઉત્તર | | | 2(1) | | | | | | | | 2(1) | | | | 4(2) |
| 4 | પદ્યપ્રશ્ન – આઠ-દસ વાક્યોમાં ઉત્તર | | | | | | | | | | 3(1) | | | | | 3(1) |
| 5 થી 6 | પદ્યપ્રશ્ન – ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર | | | 4(2) | | | | | | | | | | | | 4(2) |
| | **વિભાગ-બ** | | | | | | | | | | | | | | | |
| 7 | ગદ્યખંડ – ત્રીજા ભાગમાં સંક્ષેપલેખન | | | | | | | | | | | | | | 5(1) | 5(1) |
| 8 | પંક્તિઓનો અર્થવિસ્તાર | | | | | | | | 5(1) | | | | | | | 5(1) |
| | **વિભાગ-ક** | | | | | | | | | | | | | | | |
| 9 | પત્રલેખન | | | | | | | | | | | | | | 5(1) | 5(1) |
| 10 | અહેવાલલેખન | | | | | | | | | | | | | | 5(1) | 5(1) |
| | **વિભાગ-ડ** | | | | | | | | | | | | | | | |
| 11 | ભાષાશુદ્ધિની રીતે પરિચ્છેદ સુધારો | | | | | | | 3(1) | | | | | | | | 3(1) |
| 12 | પરિચ્છેદમાં સૂચના મુજબ રેખાંકિત ભાગમાં પરિવર્તન કરો. | | | | | | | 4(1) | | | | | | | | 4(1) |
| 13 | નિબંધલેખન | | | | | | | | | | | | 8(1) | | | 8(1) |
| | **પાર્ટ-A કુલ ગુણ** | **22(22)** | | | | **20(20)** | | | | **4(4)** | | | | **4(4)** | | **50(50)** |
| | **પાર્ટ-B કુલ ગુણ** | | | **6(3)** | | | **4(1)** | **7(2)** | **5(1)** | | **3(1)** | | **8(1)** | | **15(3)** | **50(13)** |